# 1 કુટુંબસંસ્થા

માનવીનું સર્જન વ્યક્તિ તરીકે થાય છે. માનવીઓ ભેગા મળે એટલે સમૂહ બને છે. માણસે તેના પ્રારંભિક વિકાસની શરૂઆત નાના જૂથ કે ટોળીઓ બનાવીને કરી છે. પ્રાથમિક તબક્કે ટોળી તેની જરૂરિયાતો સંતોષવા સમૂહમાં રહેતી હતી. ખોરાક, સંરક્ષણ અને જાતીય જીવન ટોળીની મુખ્ય જરૂરિયાતો હતી. પંડિત રાહુલ સાંકૃત્યાયન અને બીજા માનવજીવનના અભ્યાસુએ કરેલાં સંશોધનો અને અનુમાનો પ્રમાણે માણસોની ટોળીઓ ભટકતું-પશુઓ જેવું જીવન ગાળતી હતી.

## કુટુંબસંસ્થા

ટોળીથી નાનું જૂથ-કુટુંબ પાછળથી અસ્તિત્વમાં આવ્યું છે. કુટુંબનું વર્તમાન સ્વરૂપ ઘણાં વર્ષો અને ઘણા અનુભવો પછી સર્જાયું છે. માનવજીવનમાં પ્રેમ, કુટુંબસંસ્થાના નિર્માણમાં અને જાતીય જીવનની મર્યાદાઓનો સ્વીકાર મહત્ત્વની બાબતો છે. બાળકનો જન્મ એક સ્ત્રીમાંથી 'માતાનું સર્જન કરનારી ઘટના છે.' બિન્દાસ્ત અલ્લડ યુવતી માતા બને છે ત્યારે તેના જીવનમાં કેટલાંક મૂલ્યોનું સર્જન અનાયાસે થાય છે. નવજાત શિશુ માટે તેના સ્તનમાં લોહીમાંથી દૂધ બને છે. તેના બાળકને જોઈને સ્તનમાંથી ધાવણની ધારા વહે છે, તેની સાથે સાથે તેના હૃદયમાં પ્રેમનું વાત્સલ્યનું ઝરણું પ્રગટે છે. જે પુરુષ થકી પ્રભુની પ્રસાદી સમું બાળક પ્રાપ્ત થયું છે તેના માટે પણ મીઠી લાગણી થાય છે. સંતાનપ્રાપ્તિ પછી સ્ત્રી-પુરુષની વચ્ચે એક સ્નેહની ગાંઠ બંધાય છે. માતા-બાળક અને પિતાનો ત્રિવેણી-સંગમ રચાયા પછી ટોળીની અનિયંત્રિત જાતીય જીવન પદ્ધતિમાં સ્વેચ્છાએ નિયમનની શરૂઆત થાય છે. બાળકનો જન્મ એક પુરુષ અને એક સ્ત્રીને પરસ્પરની વફાદારીમાં જોડનારી ઘટના છે. કાળક્રમે આ નિયમનનો સ્ત્રી-પુરુષો વચ્ચે મોટા પાયા પર સ્વીકાર થવાથી ટોળીમાંથી માતાપિતા અને બાળકોનાં નાનાં-નાનાં જૂથો રચાયાં છે. તે કુટુંબરૂપે સ્થાયી સ્વરૂપ પામ્યાં. કુળની ઓળખ પિતાના કે માતાના નામે થતી હતી. 'રઘુકુળ' પિતાના નામે ઓળખાયેલું છે તો મૌર્યકુળ માતાની ઓળખ દર્શાવે છે. કુટુંબોના જૂથોના ભેગા વસવાટથી ગ્રામ, જનપદ વગેરે મોટા સમૂહો બનેલા છે.

**સમાજ :** જુદા જુદા વ્યવસાયના કારણે નાના નાના માનવસમૂહો જ્ઞાતિઓના સ્વરૂપમાં સંગઠિત બનેલા છે. ધર્મના કારણે રચાતા સમૂહો જ્ઞાતિસમૂહો કરતાં મોટા છે. એક જ ધર્મ પાળનારા વિવિધ જ્ઞાતિઓના માણસો તે ધર્મના નામે ઓળખાતા મોટા સમૂહ હોય છે. ઉદાહરણ તરીકે હિંદુ ધર્મ ઘણી જ્ઞાતિઓના લોકો પાળે છે. તે બધાની ઓળખ 'હિન્દુ સમાજ' તરીકે અપાય છે. તે જ રીતે ઇસ્લામ, ખ્રિસ્તી, બૌદ્ધ, જૈન વગેરે ધર્મ પાળતા સમૂહો તે ધર્મના સમાજ તરીકે ઓળખાય છે. આપણા દેશમાં વ્યક્તિની રુચિ અને વ્યવસાયોના આધારે પ્રાચીન કાળમાં ચાર વર્ણ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રમાં સમાજનું વિભાજન કરવામાં આવ્યું હતું. તે વર્ણોના નામે પણ બ્રહ્મસમાજ, ક્ષત્રિયસમાજ, વૈશ્યસમાજ અને શૂદ્રસમાજ વગેરે શબ્દો પ્રયોજાય છે.

રાજસત્તાના વિકાસના કારણે માનવસમૂહો રાજ્ય અને રાષ્ટ્રના નામે સંગઠિત બને છે. ગુજરાતમાં વસનારા ગુજરાતીઓ અને ભારત રાષ્ટ્રમાં વસનારા ભારતીઓ વગેરે મોટા માનવસમૂહો છે.

રાજ્ય કે રાષ્ટ્રથી મોટા ભૌગોલિક વિસ્તારો પૃથ્વીના ખંડો છે. એક જ ખંડમાં વસતા માનવ-સમૂહો તે ખંડના નામે ઓળખાય છે. ઉદાહરણ તરીકે યુરોપિયન સમાજ, આફ્રિકન સમાજ કે અમેરિકન સમાજ જે-તે ખંડમાં વસતા તમામ ધર્મો, જાતિઓ અને જ્ઞાતિઓના સમૂહો તે ખંડના સમાજમાં સમાવેશ થાય છે.

માણસની ભાવના અને દૃષ્ટિનો વિકાસ થતાં હવે પૃથ્વીના બધા ખંડોમાં વસતા માણસો માનવસમાજના સભ્યો ગણાય છે. પ્રાચીન ભારતના ઋષિમુનિઓએ પોતાની વ્યાપક ભાવનાને ''વસુધૈવ કુટુંબકમ્'' દ્વારા વ્યક્ત કરેલી છે. 21મી સદીમાં વાહનવ્યવહારનાં અતિ અત્યંત ગતિવાળાં સાધનો અને સંદેશાવ્યવહારનાં ઝડપી સાધનોએ આ પ્રાચીન સૂત્રને સાકાર કરવાનું શક્ય કર્યું છે. દુનિયાના બધા દેશોના માણસો વચ્ચે એટલી બધી નીડરતા સધાઈ છે કે જાણે આખું વિશ્વ એક ગામડું બની ગયું છે. **'ગ્લોબલ વિલેજ (વિશ્વ-ગામડું)'** બની ગયું છે. વિશ્વના બધા જ માણસોનો સમૂહ 'માનવસમાજ' તરીકે ઓળખાય છે. એક હિન્દી કવિએ આ બાબતને પોતાના કાવ્યમાં વ્યક્ત કરી છે :

''એક જ જગત કી ધરતી માતા.....
સબ ઉસકે સંતાન, સબ ઉસકે સંતાન''
'એક જગત એક લોક સબકા હૈ એક માન'

- **રવીન્દ્રનાથ ટાગોર**

આ વ્યાપક ભાવના સંત વિનોબા ભાવેએ 'જય જગત'નો નારો આપીને વ્યક્ત કરેલી છે. માનવજાતિના વિકાસની લાંબી યાત્રામાં રચાયેલા જુદા જુદા સમૂહો અને તેમની વચ્ચે રહેલી દીવાલો તૂટતી જાય છે. ટોળી, કુળ, જ્ઞાતિ વગેરે જૂથો પોતાનું અસ્તિત્વ ગુમાવતાં જાય છે. ધર્મની વાડાબંધી પણ તૂટતી જાય છે. 'માનવ-સમાજ' મોટામાં મોટો સમુદાય છે તો માણસોનો નાનામાં નાનો સમુદાય કુટુંબ આજે પણ ટકી રહ્યો છે. તે કુટુંબનું મહત્ત્વ દર્શાવે છે.

## વ્યક્તિ અને સમાજ વચ્ચેની કડી

સમાજનું એકમ વ્યક્તિ છે. સમાજ વ્યક્તિઓનો સમુદાય છે. આ વ્યક્તિ અને સમાજને જોડનારી કડી કુટુંબ છે. જેમ માળાના મણકા જેમાં પરોવાયેલા છે તે દોરો મણકાના સમૂહને સાથે જોડેલા રાખે છે તેમ વ્યક્તિ અને સમાજને જોડનારી કડી કુટુંબસંસ્થા છે. માનવસમાજની અન્ય સંસ્થાઓ ટોળી, ગોત્ર, જ્ઞાતિ વગેરે કાળના પ્રવાહમાં આંગળી રહી છે પણ કુટુંબસંસ્થા નાશ પામે એમ લાગતું નથી કારણ કે માનવના અસ્તિત્વનો આધાર અને વિકાસનો પાયો કુટુંબસંસ્થા છે.

ભૌતિકવિજ્ઞાનમાં અણુના અસ્તિત્વનો આધાર તેના પ્રોટૉન અને ઇલેક્ટ્રૉનની શક્તિઓનું સંતુલન કરનાર કેન્દ્રીય બળ છે તેમ માનવસમાજ અને તેના એકમ વ્યક્તિને જોડનાર કેન્દ્રીય બળ કુટુંબસંસ્થા છે. અણુનું કેન્દ્રીય બળ નાશ પામે તો અણુનો નાશ થાય છે એમ વ્યક્તિ અને સમાજને જોડનાર કુટુંબ નાશ પામે તો સમાજ વેરવિખેર થઈ જાય.

માણસે વર્ષોના અનુભવે જાતીયવૃત્તિના નિયમનની જરૂરિયાત સમજીને કુટુંબસંસ્થાનું સર્જન કરેલું છે. જ્યાં સ્વેચ્છાચારી લોકો કુટુંબસંસ્થા તોડી રહ્યા છે ત્યાં અનૌરસ બાળકોની સમસ્યા સમાજના અસ્તિત્વનો પડકાર બની રહી છે. તેનાં ઘણાં માઠાં પરિણામો સમાજ ભોગવી રહ્યો છે. આ સમસ્યા સમાજના હિતમાં વ્યક્તિ અને સમાજને જોડનારી કડી તરીકે કુટુંબસંસ્થાનું મહત્ત્વ પ્રસ્થાપિત કરે છે.

## કુટુંબ અને બાળઉછેર

માનવબાળનો ઉછેર કુટુંબમાં જ શક્ય છે. નવજાત શિશુને એકલું છોડી દેવામાં આવે તો તે ભાગ્યે જ બચી શકે છે અને જો બચી જાય તો તે માનવ તરીકે ઓળખી શકાય નહિ તેવું ટૂંકું પશુજીવન જીવીને નાશ પામે છે. કુટુંબ સિવાય ઊછરેલાં અપવાદરૂપ માનવબાળકોના અત્યંત જૂજ દાખલા ભારત અને અન્ય દેશોમાં જોવા મળેલા છે. ઉત્તર પ્રદેશમાં વરુઓના ટોળામાં ઊછરેલી બે બાળાઓ માણસોના હાથે પકડાઈ ગઈ હતી.

બંનેને માનવ તરીકે ઉછેરવાના અને સંસ્કારો આપવાના મનોવૈજ્ઞાનિકોના પ્રયાસો નિષ્ફળ ગયા હતા. ભાષા અને શિષ્ટાચાર શીખવવામાં તે પ્રગતિ કરી શકી નહિ. તેમનો પશુસ્વભાવ તે છોડીને બહાર ન આવી શકી. તેમને બધી સગવડો અને બીમારીઓમાં સારવાર આપવા છતાં ટૂંકું જીવન જીવીને મૃત્યુ પામી હતી.

**માનવશિશુની વિશેષતાઓ**

અન્ય જીવોનાં નવજાત શિશુઓ કોઈની મદદ વગર જન્મ્યા પછીના થોડા સમયમાં ચાલતાં થઈ જાય છે. ગાય, ભેંસ, બકરી વગેરેનાં બચ્ચાં જન્મ પછી થોડા કલાકોમાં ઊભાં થઈ તેની માના સ્તનને વળગી ધાવવા લાગે છે. તાજું જન્મેલું માનવબાળ સ્વયં સ્તનપાન માટે સક્ષમ નથી હોતું. તેની માતા તેને પ્રયત્નપૂર્વક સ્તનપાન કરવાનું શીખવે તો જ તે ધાવી શકે છે. માનવશિશુ એટલું બધું નબળું છે કે તે માતાપિતા કે અન્ય માણસની સારસંભાળ અને સહાય વગર જીવવા સક્ષમ નથી. તેનો શૈશવકાળ લાંબો છે. તે માટે જ કુદરતે મા અને પરિવારના સભ્યોમાં બાળક માટે સ્નેહની લાગણી મૂકી છે. માણસમાં અન્યનાં બાળકો પ્રત્યે પણ સહાનુભૂતિ, દયા અને પ્રેમની લાગણી મૂકેલી છે. આ લાગણીથી પ્રેરાઈ માનવી અનાથાશ્રમ દ્વારા માબાપ વગરનાં બાળકોને ઉછેરવાનો પ્રયત્ન કરે છે.

**કુટુંબનું ચાલકબળ સ્નેહ**

કુટુંબમાં ઊછરેલું બાળક માણસ બની શકે છે અને કુટુંબ સિવાય ઊછરેલા માનવબાળમાં માનવીય ગુણો ઓછા વિકસે છે. આવું બને છે તેનું કારણ એ છે કે કુટુંબમાં બાળકને સ્નેહ-પ્રેમ મળે છે જ્યારે કુટુંબ વગર ઊછરનારને સ્નેહનો અનુભવ ઓછો થતો જાય છે. માતાના ધાવણ સાથે તેના પ્રેમનો અનુભવ - પ્રેમની હૂંફ બાળકને ઉછેરે છે. માતાની જેમ પિતાનું વાત્સલ્ય પણ બાળકના સમતોલ ઉછેરમાં અગત્યનો ભાગ ભજવે છે.

આધુનિક મનોવિજ્ઞાન અને શિક્ષણશાસ્ત્ર બાળકના સર્વાંગી વિકાસ માટે તેને ભરપૂર સ્નેહ મળે તેવી હિમાયત કરે છે. માત્ર બાળક માટે જ સ્નેહ હોય તેટલું પૂરતું નથી. કુટુંબનું વાતાવરણ પ્રેમમય હોય તે જરૂરી છે. કુટુંબના અન્ય સભ્યોનો પરસ્પરનો વહેવાર પણ એકબીજા તરફ માનવતાભર્યો અને સ્નેહપૂર્ણ હોય તો બાળકનો વિકાસ સમતોલ થાય છે. કુટુંબનું ચાલકબળ સ્નેહ છે અને તેની ગંગોત્રી માતા દેવતા છે. એક શિક્ષણશાસ્ત્રી કવિએ માતા માટે કહ્યું છે : ''પ્રથમ ગુરુ પદ તારુ માતા પ્રથમ તને જ પ્રણામ''. પરિવારમાં પ્રથમ ગુરુ માતા છે. પિતાનું સ્થાન પણ એટલું જ અગત્યનું છે. યક્ષ અને યુધિષ્ઠિરના સંવાદમાં માતાપિતા બંનેનું આ મહત્ત્વ સારી રીતે સ્પષ્ટ કરવામાં આવ્યું છે :

યક્ષ પૂછે છે ધરતીથી મહાન કોણ ?

યુધિષ્ઠિર : માતા.

યક્ષ : આકાશથી ઊંચું કોણ?

યુધિષ્ઠિર : પિતા.

કવિ બોટાદકરે માતાના પ્રેમનું વર્ણન તેમના જાણીતા કાવ્ય 'જનનીની જોડ સખી'માં યોગ્ય રીતે ગાયુ છે.

ગંગાનાં નીર તો વધે ઘટે રે લોલ!<br>
સરખાં એ પ્રેમના પ્રવાહ રે! જનનીની જોડ....<br>
હાથ ગૂંથેલા એના હીરના રે<br>
હૈયું હેમંત કેરી હેલ રે! જનનીની જોડ...

માના ધાવણમાં અને મીઠા હાલરડામાં બાળક જે ભાવ અને સંસ્કાર મેળવે છે તે તેના જીવનની દિશા નક્કી કરે છે. રાષ્ટ્રીય શાયર મેઘાણીએ શિવાજીના હાલરડામાં ગાયું છે : ''ધોળા ધાવણ કેરી ધારાધારાએ પીધો કસુંબીનો રંગ''. શિવાજીના શૌર્યનો આધાર માતા જીજાબાઈનું ધાવણ છે. બાળક શૂરવીર, નીડર, ઉદાર, સમાજને પોષક કે સમાજને પીડનાર નીવડશે તેનો આધાર તેના કુટુંબમાં તેનો ઉછેર કેવો થાય છે તેના પર છે.

વ્રતો દ્વારા પોતાની જાતને અને પછી આશ્રમવાસીઓને ઘડનારા રાષ્ટ્રપિતાના જીવનમાં માતા પૂતળીબાઈની વ્રતનિષ્ઠા અને પિતાની સત્યપ્રિયતા તથા ટેકનો પ્રભાવ વિકાસ પામ્યો અને જગતને સત્ય અને અહિંસાના માર્ગે અન્યાયનો પ્રેમથી પ્રતિકાર કરવાનો નૈતિક માર્ગ મહાત્મા ગાંધીએ બતાવ્યો.

બાઈબલની અભ્યાસુ પ્રેમાળ માતા દ્વારા રસ્કિનને 'અન ટુ ધિસ લાસ્ટ' જેવું ઉત્તમ પુસ્તક લખવાની પ્રેરણા પ્રાપ્ત થઈ. આ નાનકડા પુસ્તકમાંથી ગાંધીજીને માનવજગતના કલ્યાણની ઉત્તમ જીવનવ્યવસ્થા 'સર્વોદય વિચાર' મળ્યો. પોતાના ઘર આગળના ફણસના ઝાડના પાકા ફળને બધાને વહેંચ્યા પછી ખાવાની પ્રેરણા અને સંસ્કાર માતા રખુબાઈએ બાળક વિનાયકને કુટુંબમાં આપ્યા હતા. આ સંસ્કારોનો વિકાસ ભૂમિહીનો માટે 'ભૂમિદાન'ના યજ્ઞ માટે આ સેતુ હિમાલયની ભૂદાનયાત્રાઓમાં થયો, તે આપણે જાણીએ છીએ. માનવજગતને આર્થિક અસમાનતા દૂર કરવાનો પ્રેમ-ધર્મનો માર્ગ વિનોબાજીએ ભૂદાન દ્વારા બતાવ્યો.

કુટુંબનું ચાલકબળ સ્નેહ માતા અને બાળક વચ્ચે છે એમ પિતા અને બાળકોને જોડનારું બળ પણ એ જ છે. ભાઈ-ભાઈઓ કે ભાઈ અને બહેનોને પણ સ્નેહગાંઠ જ જીવનભર જોડેલાં રાખે છે. એકઠા મળી સુખ-દુઃખના ભાગીદાર બનાવે છે. એકબીજા માટે ત્યાગ અને સ્વાર્પણ કરવાની પ્રેરણા પણ આ પ્રેમબળ જ આપે છે. રામે પિતાના વચનને કારણે ભરત માટે રાજ્યગાદીનો ત્યાગ કર્યો અને 14 વર્ષ માટે વનવાસ સ્વીકાર્યો પણ ભરતે તે રાજ્યનો સ્વીકાર ન કર્યો અને રામને મનાવીને પાછા તેડી લાવવા તેમની પાછળ પાછળ ચિત્રકૂટ દોડી ગયો. આ પ્રસંગ ભ્રાતૃપ્રેમની પરાકાષ્ઠાનું ઉદાહરણ છે. લક્ષ્મણનો ત્યાગ પણ બંધુપ્રેમને ઉજાગર કરે છે. મધર ટેરેસા, ફ્લોરેન્સ નાઈટેંગલ અને આલ્બર્ટ સ્વાઈટ્ઝર જેવા સંતોની માનવ સેવાના તેમના માનવપ્રેમમાં રહેલી છે.

**ચાલકબળના અવરોધનું પરિણામ**

પરિવારમાં બાળકને માતાપિતા અને ભાઈ-બહેનોના પ્રેમના પ્રવાહમાં કેટલાક કારણોસર અવરોધ પેદા થાય ત્યારે એવું પ્રેમભૂખ્યું બાળક પ્રત્યાઘાતી બને છે. પ્રેમને બદલે ઘૃણા મળે. સ્વીકારને બદલે બાળકની અવગણના થાય છે ત્યારે બાળકનું સ્વમાન હણાય ત્યારે તે વખતે તેની બાળવયના કારણે પ્રતિકારની ક્ષમતા ન હોવાથી સહન કરી લે છે પણ તેના કુમળા માનસ પર તેના પ્રત્યાઘાતોની છાપ કોતરાઈ જાય છે. મોટી ઉંમરે જ્યારે તે સક્ષમ બને છે ત્યારે તેને બાળવયે પીડનાર સામે તે પ્રત્યાઘાત આપે છે. આવાં બાળકોમાં ક્યારેક પરપીડનગ્રંથિ બંધાઈ હોય તો તે બીજાને પીડવામાં આનંદ લે છે. આનું ઉદાહરણ કર્ણનું પાત્ર છે.

અવગણના પામેલ બાળક લઘુતાથી પીડાય છે. મોટપણે પણ તે જાહેરમાં આવતાં, બોલતાં કે બીજાને મળતાં સંકોચાય છે. તેનું વ્યક્તિત્વ કુંઠિત બનેલું હોય છે તેથી સ્વવિકાસનો રાહ તે કંડારી શકતું નથી. તેને પોતાની જાત પર વિશ્વાસ બેસતો નથી. માનવબાળના વિકાસની અસીમ શક્યતાઓ હોવા છતાં તરછોડાયેલાં બાળકો વિકાસ સાધવામાં ઊણાં ઊતર્યાં છે.

## કુટુંબ સદ્‌ગુણોનું ધરુવાડિયું

માનવબાળનું લાંબું શૈશવ-બાલ્યકાળ તેના ગુણવિકાસ અને શિક્ષણ માટે ઉપકારક છે. માનવબાળ આંતરક્રિયા દ્વારા વિકાસ પામે છે. માણસ-માણસ વચ્ચે ચાલતી ક્રિયા-પ્રતિક્રિયા આંતરપ્રક્રિયા કહેવાય છે. નાના બાળકની આંતરપ્રક્રિયાની શરૂઆત માતાથી શરૂ થાય છે. માતા એકનજરે બાળક સામે જોઈ રહે તો બાળક પણ માતા સામે એકીટસે જોઈ રહે છે. સહેજ મોટા થયેલા બાળક સામે જોઈ માતા હસે તો બાળક પણ તેની સામે જોઈ હસે છે. મા-બાળકની આ આંતરક્રિયા પ્રેમપૂર્ણ અને ભય વગરની હોય તો બાળક પરિવારના અન્યજનો સાથે ઝડપથી આંતરક્રિયા કરતું થાય છે. બાળક સાથે પરિવારમાં પણ પ્રેમ, સહાનુભૂતિ અને તેના સ્વમાનને જાળવીને વહેવાર કરવામાં આવે તો તે બાળક મોટો થતાં ઘર બહાર નીકળી શેરીનાં અને પછી શાળામાં જાય ત્યારે શાળાનાં બાળકો સાથે તેની સાથે કુટુંબમાં થયો છે તેવો વહેવાર કરે છે. જો બાળકને કુટુંબમાં ડરાવેલું હોય કે તેને મારપીટ કરવામાં આવી હોય તો તે તેનાથી નાનાં બાળકોને ડરાવે છે, મારપીટ કરે છે. કુટુંબ માનવબાળના ઉછેરની નર્સરી છે. તેના ગુણો-અવગુણોના વિકાસનો આધાર કુટુંબ છે.

**સદ્‌ગુણો :** માણસમાં સદ્‌ગુણોનો વિકાસ થાય તો માનવસમાજ સારો અને સુખી બને. આ માટે સદ્‌ગુણો એટલે શું તે સમજી લેવું જોઈએ. સદ્‌ગુણ શબ્દ - સત્ અને ગુણ બે શબ્દોનો બનેલો છે. સત્ એટલે સત્ય અને સારા એવા બે અર્થ નીકળે છે. જો બાળકને પરિવારમાં સત્ય બોલવાની અને આચરવાની ટેવ પાડવામાં આવે તો તે મોટપણે અસત્ય બોલશે નહિ અને ખરાબ કાર્યો કરશે નહિ. સત્ય તરફની રુચિ કેળવાય તો પુખ્ત ઉંમરે તેનો વહેવાર ન્યાયી અને પ્રેમભર્યો રહે છે. માનવજીવનના સમતોલ વિકાસ માટે સદ્‌ગુણોનો વિકાસ વ્યક્તિ અને સમાજ બંનેના ભલા માટે જરૂરી છે. નિર્ભયતા, પ્રમાણિકતા, દયા, પરોપકાર, વિવેક, કર્તવ્યપાલન અને નીતિમય જીવન વગેરે ગુણોનું આચરણ કરનારો માણસ સદ્‌ગુણી કહેવાય છે. સદ્‌ગુણો રૂપી પુષ્પોથી જેની જીવનવાટિકા ખીલી ઊઠી હોય તેવો માણસ સમાજમાં સૌને ગમે છે. તે બધા માણસો સાથે મિત્રતાનો વહેવાર રાખે છે. તે કોઈને દુશ્મન માનતો નથી અને કોઈનું ભૂંડું કરી શકતો નથી. તેના સદ્‌ગુણોની સુવાસ સમાજમાં પ્રસરે છે અને બીજાઓને તેમાંથી પ્રેરણા મળે છે. આપણા ઋષિમુનિઓ માટે કહેવાય છે કે તેમના જીવનમાં વિકસેલા પ્રેમ-અહિંસાની અસર માણસો ઉપર તો થતી હતી પણ પશુઓ ઉપર પણ થતી હતી. હિંસક સ્વભાવનો વાઘ પણ અહિંસક ઋષિના સાંનિધ્યમાં તેનો હિંસક સ્વભાવ ભૂલી જતો અને પાસે બેઠેલી બકરીને મારતો નહિ. ટૂંકમાં, સદ્‌ગુણો એટલે આત્માના દિવ્યગુણો. આવા ગુણોનું સંવર્ધન કરવાનું ધરુવાડિયું કુટુંબ છે.

## ધરુવાડિયું

ધરુ એટલે બાળછોડ. કેટલાક પાકના છોડ ખેતરમાં વાવતાં પહેલાં ખાસ માવજત અને પોષણ માગે છે. ઉદાહરણ તરીકે ડાંગરનો પાક. સારુ ઉત્પાદન મેળવવા માટે ડાંગરના બિયારણને જે ક્યારાઓમાં વાવવામાં આવે છે તે ધરુવાડિયું કહેવાય છે. આ ધરુવાડિયું ખેતરનો જ એક ભાગ છે પણ તેમાં પૂરતું ખાતર મેળવી યોગ્ય સમયે તેમાં ડાંગરનાં બિયારણ વાવી સમયે-સમયે પાણી અને સંરક્ષણ આપીને તંદુરસ્ત છોડવા ઉછેરી પછી યોગ્ય સમયે તેને ઉખાડીને મોટાં ખેતરોમાં રોપવામાં આવે છે.

મોટા ખેતરોરૂપી સમાજમાં મોકલતાં પહેલાં માનવબાળને કુટુંબરૂપી ધરુવાડિયામાં વિશેષ માવજત, પોષણ, રક્ષણ અને કાળજીથી ઉછેરીએ તો તે પોતાના માટે, પરિવાર માટે અને સમાજ માટે વધારે ફળદાયી બને છે. માનવબાળ કુટુંબરૂપી ધરુવાડિયામાં જન્મથી 5-6 વર્ષ ઊછરે છે. તે દરમિયાન તેનામાં સદ્‌ગુણો અને

સંસ્કારોનો જે પાયો નંખાયો છે તેના ઉપર તેના જીવનની ભાવિ ઇમારત ગણાય છે. આ પાયો જેટલો ઊંડો અને મજબૂત તેટલી ઇમારત પણ લાંબું ટકે તેવી મજબૂત બનશે.

પશ્ચિમની સંસ્કૃતિની અસરમાં બાળકોને કુટુંબના ધરુવાડિયામાંથી વહેલા ઉખેડી લઈને 2II-3 વર્ષે જુનિયર કે.જી. અને પછી સિનિયર કેજીમાં અને તે પણ અંગ્રેજી ભાષાના માધ્યમમાં ભણાવવાની ઘેલછા આપણા સમાજમાં વધતી જાય છે. આ રોગ નગરોમાંથી હવે ગામડાંમાં પણ વિસ્તરતો જાય છે. કુમળાં બાળકો ભારેખમ થેલા અને વૉટરબૅગો વળગાડી સખત ગરમીમાં પણ ટાઇ, બૂટમોજાંમાં તૈયાર થઈ રિક્ષાઓ કે જીપગાડીઓમાં, મોંઘી શાળાઓમાં તો લક્ઝરીઓ ભરી ભરીને શાળાઓમાં ઠલવાતાં જોઈને 'ચલતી કો ગાડી કહી બઢે દૂધ કો ખોયા દેખ કબીરા રોયા' જેવી સ્થિતિ ગિજુભાઈ બધેકા, તારાબહેન મોડક, જુગતરામ દવે અને ગુરુદેવ ટાગોર વગેરેના આત્માઓની થતી હશે. ભાર વગરના ભણતર દ્વારા કુટુંબમાં જે સદ્‌ગુણોનું સંવર્ધન કરવાની જરૂર છે તેને બદલે અવળી ગંગા વહી રહી છે. આપણે ધરુવાડિયામાં ભેળાઈ રહ્યાં છીએ.

**અવૈધિક શાળાકુટુંબ**

શિક્ષણ આપતી સંસ્થાઓના બે પ્રકાર છે : વૈધિક અને અવૈધિક. વૈધિક સંસ્થાઓમાં ઘંટ, વર્ગખંડ, સમયપત્રક અને શિક્ષકોના નિયમનમાં શિક્ષણ ચાલે છે. બાલમંદિર, પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ, મહાવિદ્યાલયો અને વિશ્વવિદ્યાલયો વગેરે વૈધિક-વિધિપૂર્વક ચાલતી શિક્ષણસંસ્થાઓ છે. કુટુંબ, રમતનું મેદાન, શેરી અને સમાજ વગેરે અવૈધિક શિક્ષણસંસ્થાઓ છે. બાળકના શિક્ષણની કેળવણીની શરૂઆત કુટુંબની અવૈધિક શાળામાં થાય છે.

માનવબાળક સ્વભાવે અનુકરણશીલ છે. તેની શિશુઅવસ્થા ખૂબ ગ્રહણશીલ (રિસેપ્ટિવ) સહજસ્વીકાર કરે તેવી છે. તે જે જુએ છે, સાંભળે છે તેમાંથી ઝડપથી શીખે છે. જન્મથી બે વર્ષના ગાળામાં શરૂઆતમાં તે માતાના સાંનિધ્યમાં રહે છે. પછી દાદી, દાદા, માસી, ફોઈ કે મોટીબહેન, ભાઈના સહવાસમાં જીવતું થાય છે. આ ઘરશાળામાં તે કોઈ વિધિ-વિધાનો વગર પોતાની મેળે ભણવા લાગી જાય છે. મા પાસેથી તે ભાષા બોલીરૂપે શીખે તે પહેલાં તેના ભાવોનું શિક્ષણ શરૂ થાય છે. તે પ્રેમ અને રોષ, ભાવ અને અભાવના ભાવો માની આંખો અને તેના હાથના સ્પર્શમાંથી જાણી લે છે. ઘરશાળામાં બોલાતા શબ્દો ઝડપથી બોલતાં શીખી જાય છે.

ઘરશાળામાં બાળકનો પ્રથમગુરુ માતા છે. સદ્‌ગુણોના સંવર્ધનમાં માતાના આચારપાઠો અને ભાવો મહત્ત્વનો ભાગ ભજવે છે, માતાનું શૈક્ષણિક મહત્ત્વ સમજાવવા માટે કહેવાય છે કે 'સો શિક્ષકો કરતાં એક માતા ચઢે છે'. માતાની હૂંફ અને પ્રેમ બાળકના ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. જાણે-અજાણે બાળક સમક્ષ કરવામાં આવતો દંભ બાળક સરળતાથી સમજી શકે છે. માટે માતા અને કુટુંબના બધા સભ્યોએ કદી બાળક શું સમજે એમ માની તેને છેતરવું નહિ.

માતાની હૂંફનું મહત્ત્વ બતાવતી લોકો કિત છે : ''ઘોડે ચડતો બાપ મરજો પણ દાતરડી પર જીવતી મા જીવજો''. પાંડવોના વિજય માટે દુર્યોધન તેમને માતાકુંતી તરફથી મળેલી હૂંફને યશ આપે છે અને પોતાની હાર માટે માતા ગાંધારીએ પાટા બાંધી સતી થવાના પ્રયાસમાં પુત્રોને હૂંફ આપવાની દરકાર ન કરી તેને જવાબદાર ગણે છે.

માનવસમાજને દોરનાર પુરુષોના ચારિત્ર્યઘડતરમાં તેમની માતાઓનો ફાળો અનન્ય છે. અમેરિકાના જગવિખ્યાત પ્રમુખ અબ્રાહમ લિંકનના જીવનઘડતરમાં તેની અપરમાતાનો ફાળો મહત્ત્વનો છે.

## જીવન ઉજાગર કરનારા સદ્‌ગુણો

કુટુંબરૂપી ધરુવાડિયામાં માનવબાળકના જીવનમાં કયા સદ્‌ગુણોનું વાવેતર કરવા જેવું છે તેનું માર્ગદર્શન ભગવદ્‌ગીતામાંથી મળે છે. ભગવદ્‌ગીતાના સોળમા અધ્યાયના 1થી 4 શ્લોકમાં 26 દૈવી ગુણો બતાવ્યા છે. આવા ગુણોવાળી વ્યકિતદૈવી સંપદાવાળી કહેવાય છે. તે ગુણો નીચે પ્રમાણે છે :

નિર્ભયતા, અંતઃકરણની શુદ્ધિ, યોગમાં દૃઢતા, દાન, ઇંદ્રિયો પર કાબૂ, યજ્ઞ, સ્વાધ્યાય, તપ, સરળતા, અહિંસા, સત્ય, યથાર્થ અને પ્રિય ભાષા, અક્રોધ, ત્યાગ, શાંતિ, અંતઃકરણ અને ચિતની ચંચળતાનો અભાવ, નિંદા ન કરવી, દયા, કોમળતા, લજ્જા, વ્યર્થ ચેષ્ટા ન કરવી, તેજ, ક્ષમા, ધીરજ, શુદ્ધિ, અદ્રોહ અને નમ્રતા.

ભક્ત કવિ નરસિંહ મહેતાએ તેમના ભજન વૈષ્ણવજનમાં માનવજીવનને ઉપકારક સદ્‌ગુણોનું નિરૂપણ સુંદર રીતે કર્યું છે. દુઃખી ઉપર ઉપકાર કરવો પણ તેનું અભિમાન મનમાં ન આણવું. જીભથી અસત્ય ન બોલવું. પરધન હાથમાં ન લેવું. વાણીનો સંયમ, કામવાસના પર કાબૂ, પરસ્ત્રી તરફ માતાનો ભાવ, મન પર કાબુ વગેરે. વૈષ્ણવજન ભજન ગાંધીજીને ખૂબ પ્રિય હતું. તેમાં જણાવેલા ગુણોનું આચરણ કરવા તેઓએ જીવનભર પુરુષાર્થ કરતાં કરતાં મહાત્મા બન્યા. એકાદશવ્રતઃ ભારતીય સંસ્કૃતિમાં વ્રતસાધના પ્રાચીનકાળથી ચાલી આવે છે. હિન્દુ, બૌદ્ધ અને જૈનપરંપરામાં સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય પાંચ મહાવ્રતો આપેલાં છે. તે પંચશીલ કહેવાય છે. ગાંધીજીએ બીજાં છ વ્રતો ઉમેરી આશ્રમવાસીઓ માટે એકાદશ-વ્રતોના પાલન દ્વારા ગુણવિકાસની યોજના બનાવી હતી તે આ પ્રમાણે છે :

સત્ય, અહિંસા, ચોરી ન કરવી, વણજોઈતું ન સંઘરવું. બ્રહ્મચર્ય, જાતમહેનત, સ્વદેશી સ્વાદ ત્યાગ ને સર્વધર્મ સરખા ગણવા. કોઈ અડે ન અભડાવું.

વ્યક્તિગત જીવનસાધના પણ સમાજને ઉપકારક હોઈ સમાજના દૂષણો દૂર કરનાર હોઈ તે માટે અસ્પૃશ્યતાનિવારણ માટે તથા સર્વધર્મ સરખા ગણી ધર્મના નામે ઊભા થયેલા ભેદ દૂર કરવા પર ગાંધીજીએ ભાર મૂક્યો હતો.

માનવસમાજના ભલા માટે તેના ઘટક એવા માનવના જીવનમાં જે સદ્‌ગુણો આવશ્યક છે તેનું સંવર્ધન બાલ્યાવસ્થામાં જ થાય તે જરૂરી છે. પાકા ઘડે કાંઠા ચડતા નથી. ઉપર જણાવેલા ગુણો ઉપરાંત કુટુંબમાંથી બાળકને જીવન માટે જરૂરી નીચેની બાબતો શીખવવી જોઈએ.

## સમૂહભાવના અને સમાનતા

કુટુંબમાં માતાપિતા, દાદા-દાદી, કાકા-કાકી, ભાઈ-બહેન વગેરે સૌ સાથે જીવે છે. બધાંની શક્તિ સરખી નથી હોતી. બધાં સરખી કમાણી કરી શકતાં નથી. છતાં કુટુંબમાં સૌ સમાન સગવડો મેળવે છે. સમૂહભાવનાનું શિક્ષણ પ્રત્યક્ષ જીવનવ્યવહાર દ્વારા કુટુંબમાં મળે છે. કુટુંબની સ્ત્રીઓ ઘરનાં વિવિધ કાર્યો વહેંચીને પ્રેમથી કરે છે. કોઈ ખેતીકામ કરે, કોઈ રસોઈ કરે, વાસણસફાઈ કરે, તો કોઈ નોકરી કરે. કામ જુદાંજુદાં પણ એક જ પરિવારના સભ્યો તરીકે સૌ સમાન છે. પરિવારના એકાદ સભ્યના દુખે બધાં દુખી અને સુખી થાય છે. મુશ્કેલીઓનો સામનો સૌ સાથે મળીને કરે છે. આનંદ સૌ સાથે કરે છે. કુટુંબમાં સૌનાં આર્થિક હિતો સમૂહજીવન દ્વારા કુટુંબમાં સમાન છે. આ રીતે કેળવાતા ગુણોથી મોટી ઉંમરે, વિસ્તાર થતાં શેરી, ગામ, પ્રદેશ અને દેશ પોતીકો લાગે છે. સાચું જગત પોતાનું લાગે છે. ગામની ધૂળ માથે ચઢાવી માણસ ધન્ય બને છે. સંત વિનોબા જેવાને સૌ સમાન છે એમ લાગવા માંડે છે. શાંતિનિકેતનનો ધ્યેયમંત્ર "અત્ર ભવતિ વિશ્વ એક નીડ." આખું વિશ્વ અહીં એક માળો બનીને રહે છે. આવી ભાવનાના વિકાસના મૂળમાં કુટુંબની સમૂહભાવના રહેલી છે.

વડીલોને માન-આદર

કુટુંબમાં ઉંમરના આધારે જે મોટા છે તેમને બધા નાના-નાના સભ્યો આદર-માન આપે છે અને તેમની આમન્યા જાળવે છે. વડીલોને નમસ્કાર કરવાના અને પગે લાગવાના સંસ્કારો કુટુંબમાં શીખવા મળે છે. મોટાને માનવાચક શબ્દોથી આવકાર આપવામાં આવે છે. તેમને બેઠક કે ખાટલામાં આગળ બેસાડવા, નાનાએ ઊઠીને મોટાને જગા આપવી. વડીલોની આજ્ઞા પાળવી તેમની સાથે જીભાજોડી ન કરતાં મૌન પાળવું. તેમની હાજરીમાં નીચા અવાજે વાતચીત કરવી વગેરે આચારો દ્વારા વડીલો પ્રત્યેનો આદર અને આમન્યા વ્યક્ત થાય છે.

બીમાર કે વૃદ્ધ વડીલોની સેવા-ચાકરી કરવી. તેમનાં કપડાં કે વસ્તુઓ સાચવીને આપવાં. વડીલોને માન આપવાના અને તેમની આમન્યા જાળવવાના સંસ્કારોનો વિકાસ ગામ, સમાજ અને દેશના આગેવાનોની મર્યાદા જાળવવામાં થાય છે. ભારતીય સંસ્કૃતિમાં માતૃદેવો ભવ અને પિતૃદેવો ભવના સંસ્કારો છે. માતાપિતાને દેવતુલ્ય ગણવાના સંસ્કારો પરિવારમાંથી મળે છે. માતાપિતા કે વડીલોની સેવા કરવાથી પુણ્ય પ્રાપ્ત થાય છે. માતાપિતા તીર્થરૂપ છે. શંકર-પાર્વતીના બે પુત્રો ગણપતિ અને કાર્તિક સ્વામીની કથામાં આ બાબત સ્પષ્ટ થાય છે. બે ભાઈઓની કસોટી કરવા ભગવાન શંકરે આજ્ઞા આપી તમારા બેમાંથી કોણ અડસઠ તીર્થની યાત્રા કરી પહેલાં આવે છે તે મારે જાણવું છે. ઉતાવળા કાર્તિક સ્વામી મોર પર સવારી કરી ઊડ્યા. ગણપતિએ માતાપિતાની પ્રદક્ષિણા કરી અને આસન પર બેઠા રહ્યા. કાર્તિક સ્વામી આવ્યા ત્યારે શંકરે પરિણામ જાહેર કર્યું. ગણપતિની જીત થઈ છે. આમ, માતાપિતાની સેવા અને તેમની આમન્યાની જાળવણી પ્રત્યક્ષ તીર્થ-યાત્રાઓ કરતાં ચડે છે.

માતા માટે તો કહેવાયું છે કે ''જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપી ગરીયસી'' જ્યોતિર્ધામ શોધવા નીકળેલા કવિને ખૂબ શોધખોળ કર્યા પછી સમજાયું કે માતા જ ખરું જ્યોતિર્ધામ છે. માતાપિતા અને વડીલોને આદર આપવાનો અને તેમની આમન્યા જાળવવાનો ગુણ પરિવારની ફૂલવાડીમાં જ ખીલે છે.

ધર્મભાવના

સમગ્ર સૃષ્ટિનું સર્જન કરનાર અને તેનું નિયમન કરનાર કોઈ અગમ્ય શક્તિ છે એવું હવે વિજ્ઞાન પણ સ્વીકારે છે. આ શક્તિ કે પરમતત્ત્વના અસ્તિત્વને વિજ્ઞાનની કસોટીઓથી સાબિત કરી શકાતું નથી પણ તેની ખોજ કરનારને તેનો અનુભવ થાય છે. આ પરમસત્તાનો સ્વીકાર માણસને નમ્ર બનાવે છે. આ શક્તિની માતા કે દેવીરૂપે માતૃભાવથી ઉપાસના, પૂજા, અર્ચના કેટલાક લોકો કરે છે. માતાની મૂર્તિઓ કે ફોટા ઘરમાં રાખી તેની સમક્ષ દીવો-અગરબત્તી કરીને પોતાના પરિવારના ક્ષેમકુશળ માટે પ્રાર્થના કરે છે.

કેટલાક લોકો સર્જનહારને પરમેશ્વરના પુરુષ સ્વરૂપે પૂજે છે. હિન્દુ ધર્મમાં ઈશ્વરના અવતારો રૂપે ભૂતકાળમાં ઈશ્વરીય શક્તિ અને દિવ્યગુણોનું દર્શન જેમના જીવનમાં થયેલું છે તેવા રામકૃષ્ણ જેવા અવતારોની મૂર્તિઓ કે ફોટાઓ ઘરમાં રાખી પૂજે છે.

વૈદિક ઋષિઓએ અને ત્યારબાદ ઇસ્લામે ઈશ્વરના નિરાકાર નિરંજન સ્વરૂપની પ્રાર્થના દ્વારા ઉપાસના કરવાની રીત બતાવી છે.

ઈસુ અને જરથુષ્ટ્રે ઈશ્વરને પ્રેમ, દયા અને સદાચાર સ્વરૂપે માન્યો છે અને માનવસેવા અને સદ્‌ગુણોના આચરણ દ્વારા તેને પામવાની વાત કરી છે.

શીખ સંપ્રદાયે સંતો અને ગુરુઓનાં વચનોના સંગ્રહ કરેલા ગ્રંથને 'ગુરુ ગ્રંથસાહેબ' કહી તેને માર્ગદર્શક તરીકે માન્ય કર્યો છે. પરમેશ્વરના નિરાકાર નિરંજન સ્વરૂપને 'સતશ્રી અકાલ' નામે શીખો પોકારે છે. કીર્તન દ્વારા ભક્તિ કરે છે.

જૈનો તેમના ધર્મના માર્ગદર્શક તીર્થંકરોના ઉપદેશને માને છે. તીર્થંકરોની મૂર્તિઓ અને ફોટાઓની પૂજા કરે છે. જીવદયા, સંયમ અને આકરી તપસ્યા દ્વારા જીવના મોક્ષની કલ્પના કરે છે.

માનવબાળક તેના પરિવારમાં પરમેશ્વરના જે સ્વરૂપની શ્રદ્ધાપૂર્વક પૂજા-અર્ચના થાય છે તેનું અનુકરણ કરે છે. તેનાં માતાપિતા, દાદા-દાદીના ધાર્મિક આચારો અને ધર્મભાવના અનુસાર તેની ધર્મભાવના કેળવાય છે. જો પરિવાર ઉદાર અને વ્યાપક હોય તો બાળકોના વિચારો તેવા થશે પણ જો પરિવારમાં ધાર્મિક સંકુચિતતા અને મારો ધર્મ જ સાચો એવી કૂપમંડૂકતા હશે તો બાળકનું દૃષ્ટિબિંદુ પણ એવું થશે. નાનાં બાળકોમાં જે ધાર્મિક સંસ્કારો દૃઢ થાય છે તે મોટપણે બદલવા અઘરા બને છે.

પરિવારમાં બંધાયેલી ધર્મભાવનાને જેમ ખનીજ ધાતુ તપાવી અશુદ્ધિઓ દૂર કરી શુદ્ધ ધાતુ મેળવાય છે તેમ શાળા-મહાશાળા કક્ષાએ શિક્ષકોએ ધાર્મિકતાના શુદ્ધ તત્ત્વને વિદ્યાર્થીઓ સામે માત્ર વિચારથી નહિ પણ પોતાના આચારથી પણ ઉજાગર કરવાની જરૂર છે.

સમગ્ર બ્રહ્માંડનો સર્જનહાર તો એક જ છે. કલ્પના કરીએ કે તે જે ઊંચા પહાડની ટોચે બિરાજે છે ત્યાં પહોંચવાની જુદીજુદી અસંખ્ય કેડીઓ છે. જે મહાપુરુષો જે-જે માર્ગે તે શિખરે પહોંચવા ચાલ્યા તે કેડીઓ અલગ છે. તે બધાનાં વિધિ-વિધાનો પોતપોતાનાં દર્શન પ્રમાણે અલગ-અલગ છે પણ પરમતત્ત્વ તો એક જ છે. માટે તેના નામે લડાઈ-ઝઘડા કે વાદવિવાદ મિથ્યા છે. સમાજને અને રાષ્ટ્રને આવા કજિયાકંકાસ પાછા પાડનારા છે અને તેમાં પડનારા વ્યક્તિઓને તો પારાવાર નુકસાન કરનાર છે. આવી વ્યાપક અને ઉદાર ધર્મભાવનામાં બધા ધર્મોનાં શુભતત્ત્વો સમાયેલાં છે તેવી સમજ ભાવિનાગરિકોમાં કેળવવાની તાતી જરૂર છે. તેની શરૂઆત પરિવારથી થાય તો જ સફળતા મળે.

**માનવતાના સંસ્કારો**

કુટુંબમાંથી બાળકોને માનવીને શોભે તેવા જીવનવ્યવહારના સંસ્કારો મળે તે માટે કુટુંબના વડીલોએ અને માતાપિતાએ પોતાના વર્તન દ્વારા બાળકોને નીચેની બાબતોમાં પદાર્થપાઠ આપવા જોઈએ.

(1) અંગત સફાઈ : દરરોજ સવારે ઊઠીને દંતમંજન કરવું. જાજરૂમાં જ મળત્યાગ કરવો અને પેશાબ કરવો. સ્નાન કરવું. ધોયેલાં વસ્ત્રો પહેરવાં, વાળ, નખ વ્યવસ્થિત રાખવા વગેરે સંસ્કારો પરિવારમાંથી મળે તો વ્યક્તિ મોટપણે સુઘડ અને સ્વચ્છ રહે તથા આરોગ્ય જાળવી શકે.

(2) જાહેર સફાઈ : આપણા દેશમાં જાહેર સફાઈ બાબત ઘણી ઉદાસીનતા છે. ગમે ત્યાં જાહેર રસ્તાની બાજુમાં પેશાબ કરવો, જાજરૂ જવું, ગંદી વસ્તુઓ, કચરો ગમે ત્યાં ફેંકવો, ગમે ત્યાં નાક સાફ કરવું, એંઠવાડ ફેંકવો, ગળફા ફેંકવા વગેરે કુટેવો નાના-મોટા અસંખ્ય નાગરિકોમાં જોવા મળે છે. કુટુંબ પોતે જાહેર સ્વચ્છતા જાળવવાના નિયમો પાળે અને બાળકોને તેવી ટેવ નાનપણથી પાડે તો જ માણસની રીતે આપણે જીવતા થઈએ.

આ માટે દરેક ઘરે જાજરૂ, બાથરૂમ, કચરાપેટી હોય તે જરૂરી છે. કચરાપેટીમાંનો કચરો પોતાના ખાતરના કંપોસ્ટમાં જ નાખવાની તાલીમ બાળકોને નાનપણથી મળે તો જ સંસ્કાર આવે.

(3) કંપોસ્ટ ખાતર બનાવવામાં કચરાનો ઉપયોગ : ગામેગામ ઢોરોનાં મળમૂત્ર અને નકામા સેન્દ્રિય કચરામાંથી કંપોસ્ટ ખાતર બનાવવાના ખાડા હોવા જોઈએ અને તેમાં જ બધો સેન્દ્રિય કચરો વપરાય તેવી વ્યવસ્થા પરિવાર પોતાના માટે કરે તે જરૂરી છે.

શહેરી વિસ્તારોમાં ઘરનો કચરો એકઠો કરવા કચરાપેટી રખાય અને તેનો નિકાલ નગરપાલિકાની જાહેર કચરાપેટીઓમાં જ કરવાના સંસ્કારો બાળકોને નાની ઉંમરથી અપાય.

કાગળના ટુકડા, ફળની છાલો રસ્તા પર ન ફેંકવાના સંસ્કાર પરિવારમાં નાની ઉંમરે અપાય તો જ જાહેર માર્ગો સ્વચ્છ અને સલામત રહેશે. સફાઈ એટલે સર્વ વસ્તુઓનો ફાયદાકારક ઇલાજ. આ સૂત્ર નાનાં બાળકોને પરિવારમાં નાની ઉંમરે શીખવવું જોઈએ.

**જીવનમાં અને નિર્ણયોમાં બાંધછોડની કેળવણી**

પરિવારમાં ઘણા પ્રસંગો એવા આવે છે કે તે અંગે કુટુંબના બધા સભ્યો સાથે મળીને નિર્ણયકર્તા હોય છે. લગ્ન કે મરણના વહેવારો, લગ્નવિચ્છેદ કે રિસામણાં મનામણાંના પ્રસંગો, લેવડ-દેવડના કે મિલકત વહેંચણીના પ્રસંગો, કુટુંબ માટે માલમિલકતની લે-વેચના પ્રસંગો વગેરેના નિર્ણયોમાં બાંધછોડ થતી હોય છે. ઉદાહરણ તરીકે દીકરીના લગ્ન પ્રસંગે કરિયાવરમાં કેટલી જોડ વસ્ત્રો, દાગીના, વસ્તુઓ વગેરે આપવું. તેમાં ઉદાર, ઉત્સાહી યુવાનો ક્યારેક કુટુંબની આર્થિક સ્થિતિ કરતાં સામાજિક પ્રતિષ્ઠા મેળવવાં વધારે ખર્ચ કરવાનો પ્રસ્તાવ મૂકે છે ત્યારે ઘરના વડીલ કુટુંબની આર્થિક પહોંચને ધ્યાનમાં રાખીને ભૂતકાળમાં આવા પ્રસંગે કરેલા ખર્ચા અને ભવિષ્યમાં આવનારા પ્રસંગો પાછળ થનારા ખર્ચ ધ્યાનમાં રાખી નિર્ણય કરીને ખર્ચમાં કાપ મૂકવાની વાત કરે છે ત્યારે યુવાનો પોતાના અગાઉના નિર્ણયમાં બાંધછોડ કરે છે. બાળકો નાની ઉંમરે આ પ્રસંગોના મૂગા સાક્ષીઓ હોય છે પણ તેમાંથી બાંધછોડના પાઠ શીખી લેતા હોય છે જે મોટપણે તેમને કામમાં આવે છે.

ભૂતકાળમાં કુટુંબની વિશેષ આર્થિક સંપન્નતા હોય ત્યારે સામાજિક પ્રસંગો પાછળ કરેલા ખર્ચ જેટલું ખર્ચ સંજોગો બદલાતાં આર્થિક ક્ષમતા ઘટી હોય તો ખર્ચ કરવામાં બાંધછોડ કરવી પડે છે તેમાંથી બાળકો શીખે છે. બાળકોને આવી કેળવણી મળે તે માટે કુટુંબમાં લોકશાહી ઢબે ખુલ્લી ચર્ચા નિખાલસપણે થાય અને કુટુંબના બધા સભ્યો તેમાં રસપૂર્વક ભાગ લે અને પોતાના અભિપ્રાયો આપે. તેના અંતે નિર્ણયોમાં રાજીખુશીથી બાંધછોડ કરી સર્વસામાન્ય નિર્ણય બધા સ્વીકાર કરે અને કોઈ મનદુઃખ ન રહે તેમાંથી બાળકો પણ શીખે છે. કુટુંબને નજીકના કુટુંબીઓ સાથે સામાજિક કે આર્થિક કારણોસર અથવા ચૂંટણી જેવી રાજકીય ઘટનાઓથી ક્યારેક સંઘર્ષ થાય છે. આવા સંઘર્ષોમાં બે પરિવારો વચ્ચે રિસામણાં થાય છે. અબોલા થઈ જાય છે. બાળકો પર પણ તેની અસર થાય છે. રિસાયેલાં પરિવારોમાં કોઈને ત્યાં સારા-માઠા પ્રસંગ આવે છે ત્યારે બંને પરિવારો વચ્ચે મનામણાં કરાવવા ગામના આગેવાનો કે સગાંસંબંધીઓ પ્રયત્નો કરે છે. બંને પક્ષોને સાંભળીને ચર્ચાવિચારણા કરીને તટસ્થ માણસો ફેંસલો આપે છે તે બંને પક્ષો સ્વીકારે છે. આ ફેંસલામાં લેવડદેવડની આપલેમાં કે ઝઘડાને કારણે થયેલા ખર્ચની બાબતમાં બાંધછોડ થાય છે. લોક-અદાલતની જેમ મહેલ્લા વચ્ચે ચાલતી ખુલ્લી ચર્ચાઓમાંથી જે બાંધછોડ થાય છે, ભૂતકાળ ભૂલીને એકતા સધાય છે. બાળકો તેનાં સાક્ષીઓ છે તેમનામાં આ સંસ્કારો ઝિલાય છે જે તેમને મોટપણે કામ લાગે છે.

**કુટુંબનાં હૂંફ અને સાથ**

જીવનનો પ્રવાહ હંમેશાં એકસરખો સુખશાંતિથી વહેતો નથી. તેમાં નાનામોટા અવરોધો આવે છે. વિવિધ કારણોસર કુટુંબની બહારની વ્યક્તિઓ સાથે કુટુંબના સભ્યને સંઘર્ષ અને લડાઈ-ઝઘડા થાય છે ત્યારે આખું કુટુંબ એક થઈને હૂંફ અને સાથ આપે છે તેથી વ્યક્તિ સંઘર્ષમાં ટકી જાય છે.

લગ્નવિચ્છેદ જેવા સામાજિક પ્રસંગે ખાસ કરીને દીકરીને કુટુંબ હૂંફ આપે છે. જો તેને બાળકો હોય અને તે પુનઃલગ્ન ન કરે તો ભાઈઓ અને માબાપ તેને આશ્રય આપીને તેનાં બાળકોને ઉછેરવામાં અને સામાજિક પ્રસંગોએ આર્થિક મદદ કરે છે. તેવી જ મદદ વિધવા દીકરીને પણ સાસરીમાં આર્થિક મુશ્કેલી હોય તો પિયરપક્ષ સામે તેને તેનાં બાળકો ઉછેરવામાં મદદ કરે છે.

પરિવારમાં આર્થિક મુશ્કેલીમાં મુકાયેલી વ્યક્તિને પણ પૈસાટકાની અને ધંધામાં સ્થિર થવાની મદદ બીજા સંપન્ન ભાઈઓ કરે છે. કુટુંબની ઊછરતી પેઢીનાં બાળકો આ બધું જોતાં હોય છે અને તેમનામાં પણ કુટુંબના સભ્યોને હૂંફ સાથે સહકાર આપવાની અને તેમના માટે ઘસાવાની ભાવના કેળવાય છે.

**જવાબદારીની કેળવણી**

પરિવારમાં બાળકો નાની ઉંમરથી જુએ છે કે પિતા, કાકા વગેરે પુરુષવર્ગ કુટુંબ માટે આર્થિક ઉપાર્જન કરવાની જવાબદારી નિભાવે છે. મા, કાકી વગેરે સ્ત્રીઓ ઘરનું કામ કરે છે. દાદીમા કે મોટીબહેન નાનાં બાળકોને સંભાળે છે. ઘરના બધા જ સભ્યો કોઈ ને કોઈ કામની જવાબદારી નિભાવે છે. આ જોઈને બાળકો પણ જેમજેમ મોટાં થતાં જાય તેમ તેમ તેમની વય ને શક્તિ પ્રમાણે પરિવારનાં નાનાંમોટાં કાર્યોમાં મદદ કરતાં થાય છે. કુટુંબના વડીલો તેમને આયોજન અને સમજપૂર્વક નાનાં-નાનાં કામોની જવાબદારી સોંપીને તે કામ બરાબર થયું કે નહિ તેની સંભાળ લે અને માર્ગદર્શન આપતા રહે તો જવાબદારીની કેળવણી મળે છે.

**કુટુંબમાં કેળવાતા દુર્ગુણો અને ટેવો**

કુટુંબની ફૂલવાડીમાં સુંદર અને સુગંધી ફૂલો ઊગે છે. તેની સાથે કાંટા પણ હોય છે. માબાપ અને વડીલોના ઘણા દુર્ગુણો તેમનાં બાળકોમાં ઊતરે છે. વ્યસનો, અસ્વચ્છતાની ટેવો, ચોરી, લૂંટ, જૂઠ, છેતરપિંડી જેવા ઢગલાબંધ દુર્ગુણો બાળકો પરિવારમાંથી શીખે છે. માબાપનાં આવાં દૂષણોનું તેમનાં બાળકો અનુકરણ કરે છે. ક્યારેક તો માબાપ પ્રોત્સાહન આપે છે.

દારૂ અને તમાકુના વ્યસનીઓ તેમનાં બાળકોને પોતાનાં વ્યસનોમાં જાણે-અજાણે સંડોવે છે. નાના કિશોરને ચૂંગી કે બીડી સળગાવી લાવવાની આજ્ઞા બાપ કરે છે અને બુઝાઈ ન જાય તે માટે તાણ-તાણ કરીને બાળકને તમાકુનો ધુમાડો લેતો કરી દે છે. દારૂ ગાળનારા અને પીનારાઓના કુટુંબમાં એ વ્યસનમાં ઊગતી પેઢી સહજ રીતે ફસાઈ જાય છે. આધુનિક દેખાવાના દંભમાં સુખી અને શિક્ષિત પરિવારોમાં પણ મોંઘા વિદેશી શરાબનું સેવન બાપ-દીકરો સાથે કરતા થઈ જાય છે. તમાકુના ગુટકા અને ગાંજો-ચરસ જેવાં વ્યસનોનો ભોગ પણ બાળકો મોટા ભાગે પિતા, ભાઈ કે મિત્રો દ્વારા બને છે. માનો કે મોટીબહેન કે ભાભીનો સ્વૈરાચાર જોઈ નાની બાળકીઓ પણ મોટપણે એ રસ્તે ચડી જાય છે.

વ્યસનોની જેમ અસ્વચ્છતા પણ કુટુંબમાંથી જ બાળકો શીખે છે. ગમે ત્યાં પેશાબ કરવો, થૂકવું કે જાજરૂ જવું એની ટેવ કુટુંબનાં મોટેરાંમાંથી બાળકોને પડે છે.

પોતે બીજાથી ચડિયાતો છે એવો અંહકાર, સંકુચિતતા, વહેમો અને અંધશ્રદ્ધા, ધાર્મિક સંકુચિતતા અને મિથ્યાભિમાન પણ બાળક પરિવારના વડીલોના વર્તનમાંથી શીખે છે. અમે તો લીધી હઠ ન છોડીએ, બાંધછોડ ન કરીએ; ભલે ખુવાર થઈ જઈએ એવાં મિથ્યાભિમાની પરિવારો બાળકોને પણ વારસામાં એ બધું આપતાં જાય છે.

## સ્વાધ્યાય

1. (અ) નીચેના પ્રશ્નોના જવાબો એક વાક્યમાં લખો :

(1) પ્રાથમિક તબક્કે માનવ-ટોળીની મુખ્ય જરૂરિયાતો કઈ-કઈ હતી?

(2) કુટુંબજીવનના પ્રારંભકાળમાં તેના નિર્માણ માટેની બે મહત્ત્વની બાબતો કઈ હતી તે લખો.

(3) વ્યવસાયોના કારણે રચાયેલા નાના-નાના માનવોમાંથી કઈ સામાજિક સંસ્થા અસ્તિત્વમાં આવી છે ?

(4) પિતાના નામે ઓળખાતા કુળ કે વંશનું ઉદાહરણ આપો.

(5) વ્યક્તિ અને સમાજને જોડતી કડી કઈ છે ?

(બ) પ્રશ્નના નીચે આપેલા ચાર વિકલ્પો પૈકી સાચો જવાબ હોય તેનો ક્રમ પ્રશ્ન સામેના ચોરસમાં લખો.

(1) "એક જગત એક લોગ સબકા હૈ એક માન" - આ પંક્તિના કવિ કોણ છે ? ☐

(1) કવિ ઇકબાલ

(2) રવીન્દ્રનાથ ટાગોર

(3) નરસિંહ મહેતા

(4) બંકિમચંદ્ર ચટોપાધ્યાય

(2) કઈ વૃત્તિના નિયમનની જરૂરિયાત સમજીને કુટુંબસંસ્થાનું સર્જન થયેલું છે ? ☐

(1) ભૂખની વૃત્તિ

(2) આનંદની વૃત્તિ

(3) જાતીય વૃત્તિ

(4) સેવાવૃત્તિ

(3) કોનો શૈશવકાળ લાંબો છે ? ☐

(1) માનવબાળ

(2) સિંહબાળ

(3) હાથીનું મદનિયું

(4) બકરીનું લવારું

(4) સર્વોદય વિચાર કયા પુસ્તકમાંથી મળેલો છે ? ☐

(1) ગીતા

(2) રામાયણ

(3) અન્ટુ ધિસ લાસ્ટ

(4) પૅરેડાઇઝ લૉસ્ટ

**2.** નીચેના પ્રશ્નોના જવાબ બે વાક્યોમાં મુદાસર આપો :

(1) પ્રાચીન કાળમાં ભારતમાં ચાર વર્ણની રચના કયા બે આધારો પર થઈ હતી તે લખો.

(2) ધર્મથી ઓળખાતા સમાજનું ઉદાહરણ આપો અને આવા સમાજની વિશેષતા જણાવો.

(3) ભૌગોલિક રીતે ઓળખાતા સમાજોનાં ચાર ઉદાહરણો લખો.

(4) ભારતના પ્રાચીન ઋષિમુનિઓ અને સંત વિનોબા ભાવેની વ્યાપક સમાજભાવના વ્યક્ત કરતાં બે સૂત્રો લખો.

(5) એકવીસમી સદીમાં કયાં કયાં માનવજૂથો પોતાની સંકુચિતતા છોડતાં દેખાય છે ? બે ઉદાહરણો આપો.

**3.** નીચેના પ્રશ્નોના જવાબ ત્રણ લીટીઓમાં લખો :

(1) વ્યક્તિ અને સમાજને જોડનાર કડી કઈ છે ? તેનું મહત્ત્વ લખો.

(2) માનવશિશુની અગત્યની ત્રણ વિશેષતાઓ જણાવો.

(3) કુટુંબના ચાલકબળ તરીકે સ્નેહનું મહત્ત્વ સ્પષ્ટ કરો.

(4) પ્રેમભૂખ્યા અને અવગણના પામેલા બાળકમાં દેખાતા દોષો જણાવો.

**4.** નીચેના પ્રશ્નોના જવાબો ચાર લીટીમાં મુદ્દાસર લખો :

(1) 'કુટુંબ સદ્‌ગુણનું ધરુવાડિયું છે.'' આ વિધાન ચાર મુદ્દાઓ આપી સમજાવો.

(2) માનવજીવનને સફળ બનાવતા અગત્યના સદ્‌ગુણોની નોંધ કરો.

(3) કુટુંબમાં બાળકને અગત્યના માનવતાના ચાર સંસ્કારોની કેળવણી કઈ રીતે આપવી જોઈએ તે લખો.

(4) જીવનમાં અને નિર્ણયોમાં બાંધછોડ કરવાની કેળવણીનું મહત્ત્વ સમજાવો.

## પ્રવૃત્તિઓ

(1) તમારા ગામ કે મહોલ્લાનાં ચાર કુટુંબોની મુલાકાત લઈ તેમાં ઊછરતાં બાળકોની સારી ટેવો નોંધો.

(2) 'કુટુંબના મહત્ત્વ' ઉપર ચર્ચાસભા ગોઠવો.

●